GIC HOUSING FINANCE LTD.

જીઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ.

# ન્યાયી ધિરાણ વ્યવહારો માટે નીતિ- લોન અકાઉન્ટ્સમાં ‘‘દંડનીય શુલ્ક’’

## દસ્તાવેજ આવૃત્તિ ઈતિહાસ

| અનુક્રમ | તૈયાર કરનાર | મંજૂરકર્તા | મંજૂરીની તારીખ | આવૃત્તિ નંબર |
|---|---|---|---|---|
| 1 | ક્રેડિટ ડિપાર્ટમેન્ટ | બોર્ડ | 03.11.2023 | V.1.0 |

[Date]

**જીઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ.**

## ન્યાયી ધિરાણ વ્યવહારોની નીતિ- દંડનીય શુલ્ક ઓગસ્ટ 2023

**અનુક્રમણિકા**


1. પાર્શ્વભૂ ........................................3
2. વ્યાખ્યા ........................................3
3. દંડનીય વ્યાજ /વિલંબિત ચુકવણી શુલ્ક લાગુ કરવા માટે અપનાવવાની આરબીઆઈ દ્વારા લાગુ સૂચનાઓ ........................................3
4. દંડનીય શુલ્ક /વિલંબિત ચુકવમી શુલ્ક લાગુ કરવા કંપની દ્વારા અપનાવવાની નીતિ ........................................4

**જીઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ.**

**ન્યાયી ધિરાણ વ્યવહારોની નીતિ- દંડનીય શુલ્ક ઓગસ્ટ 2023**

1. પાર્શ્વભૂ

   રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા તેના સર્ક્યુલરો RBI/2023-24/53 DoR.MCS.REC.28/01.01.001/2023-24 તારીખ 8 ઓગસ્ટ, 2024, અન્વયે નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (''એનબીએફસી'')ને લોન અકાઉન્ટ્સ માટે દંડનીય શુલ્ક લાગુ કરવા માટે ''બોર્ડ માન્ય નીતિ'' રચવા માટે સલાહ આપવામાં આવી છે.

   તેમના સર્ક્યુલર અનુસાર આરબીઆઈ દ્વારા એવું નિરીક્ષણ કરાયું છે કે ઘણી બધી નિયમન કંપનીઓ (આરઈ) ડિફોલ્ટ્સ / ગ્રાહકોને ધિરાણ સુવિધાઓ મંજૂર કરાઈ તે લોન કરારના ભૌતિક નિયમો અને શરતોનું પાલન નહીં કરવાના કિસ્સામાં લાગુ વ્યાજ દરો ઉપરાંત દંડનીય વ્યાજ દરો લાગુ કરતા હતા.

   આરબીઆઈના નિરીક્ષણ અનુસાર દંડનીય વ્યાજ / શુલ્ક લાગુ કરવાનું ધિરાણ શિસ્તનું ભાન કરાવવાનું મહત્ત્વપૂર્ણ છે અને આવા શુલ્ક કરારબદ્ધ વ્યાજ દરો ઉપરાંત મહેસૂલ વધારવાનું સાધન તરીકે ઉપયોગ કરવા માટે નથી. જોકે સુપરવાઈઝરી દેખરેખમાં ગ્રાહકોની ફરિયાદ અને વિખવાદો ઉદભવે તેવા દંડનીય વ્યાજ / શુલ્ક લાગુ કરવા સંબંધમાં આરઈમાં વિસંગત વ્યવહારોનો સંકેત મળ્યો છે.

2. **વ્યાખ્યા:**
   (a) ઈએમઆઈઃ ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ.
   (b) પીઈએમઆઈઃ પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ

**3. દંડનીય શુલ્ક લાગુ કરવા અપનાવવાની સૂચનાઓ**

આરબીઆઈ દ્વારા **સર્વ નવી લોન માટે લાગુ 1લી જાન્યુઆરી, 2024થી અમલી** લોન અકાઉન્ટ્સમાં ''દંડનીય શુલ્ક લાગુ'' કરવા તેના દ્વારા નિયમન કરાતી નોન- બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ સહિત સર્વ નોંધણીકૃત કંપનીઓએ અપનાવવાની સૂચનાઓ જારી કરી છે. **મોજૂદ લોન માટે અમલબજાવણી આગામી સમીક્ષા વખતે અથવા અસરકારક તારીખ (1લી જાન્યુઆરી, 2024)થી 6 મહિનામાંથી જે પણ વહેલા આવે ત્યારે ઉદભવશે.**

આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર નિમ્નલિખિત આંતરિક માર્ગદર્શન સિદ્ધાંત અને દંડનીય શુલ્ક લાગુ કરવાનું મોડેલ જીઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ. (જીઆઈસીએચએફએલ) લિમિટેડ (''કંપની'') દ્વારા અમલ કરાયું છે. આ નીતિ હંમેશાં આરબીઆઈની માર્ગદર્શિકાઓ, નિર્દેશો, સર્ક્યુલરો અને સૂચનાઓ સાથે વાંચવાની રહેશે. કંપની આરબીઆઈની માર્ગદર્શિકાઓ સાથે આવા વ્યવહારોનો સંઘર્ષ નહીં થાય અથવા ઉલ્લંઘન નહીં થાય તે રીતે શ્રેષ્ઠ ઉદ્યોગ વ્યવહારો લાગુ કરશે.

''''દંડનીય શુલ્ક'' ઉદ્યોગનાં વર્તમાન ધોરણો અને વ્યવહારો અનુસાર તારવવાના રહેશે.''

''દંડનીય શુલ્ક'' રેટ મોડેલ ક્રેડિટ અને અકાઉન્ટ્સ વિભાગના પ્રમુખો દ્વારા સમયાંતરે સમીક્ષા કરાશે અને વર્ષમાં કમસેકમ એક વાર અનુકૂળ ભલામણો સાથે તે સુપરત કરશે.

**4. "દંડનીય શુલ્ક" લાગુ કરવાની કંપનીની નીતિ નીચે મુજબ છેઃ**

**"દંડનીય શુલ્ક" /વિલંબ ચુકવણી શુલ્ક**

(a) સામાન્ય વ્યાજ સિવાય કંપની ગ્રાહકો દ્વારા કોઈ પણ લેણાંની ચુકવણી કરવામાં અને લોન કરારના ભૌતિક નિયમો અને શરતોનું પાલન કરવામાં કોઈ પણ વિલંબ અથવા કસૂર માટે ‘‘દંડનીય શુલ્ક’’ / વિલંબ ચુકવણી શુલ્ક વસૂલ કરી શકે છે. કંપની દ્વારા ઓફર કરાતી અલગ અલગ યોજના અથવા સુવિધાઓ માટે આ ‘‘દંડનીય શુલ્ક’’ સર્વ પ્રોડક્ટો માટે સમાન રહેશે.

(b) ‘‘દંડનીય શુલ્ક’’ વર્તમાન વ્યવહાર અનુસાર વિલંબ કરાય તે બાકી ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ)ના માસિક 1.25 ટકા અથવા વાર્ષિક 15 ટકાના દરે લાગુ કરાય છે.

(c) કોઈ પણ લોન અકાઉન્ટ માટે ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ) દરેક મહિનાની પહેલી તારીખના રોજ ચુકવણી માટે લેણાં બને છે અને ગ્રાહક દ્વારા ઈએમઆઈ / પીઈએમઆઈ જ્યારે લેણાં હોય તે મહિનાના અંત પૂર્વે ચૂકવવાપાત્ર રહેશે. જો ઈએમઆઈ / પીઈએમઆઈ લેણાં હોય તે મહિનાના અંતની પાર કોઈ પણ વિલંબ કરાય તો ગ્રાહક દ્વારા જેમ અને જ્યારે બાકી ઈએમઆઈ / પીઈએમઆઈ જમા / ચૂકતે કરાય તેની પર માસિક 1.25 ટકા અથવા વાર્ષિક 15 ટકા દરે વધારાના ‘‘દંડનીય શુલ્ક’’ લાગુ થશે.

(d) ‘‘દંડનીય શુલ્ક’’ મુખ્ય બાકી વ્યાજ સાથે કેપિટલાઈઝ્ડ નહીં કરાશે અને ઉક્ત દર અનુસાર દરેક ઈએમઆઈ / પીઈએમઆઈ માટે ગ્રાહક દ્વારા ચૂકવવાપાત્ર રહેશે. માસિક 1.25 ટકાના દરે વધારાના ‘‘દંડનીય શુલ્ક’’ ઈએમઆઈ / પીઈએમઆઈ જ્યારે લેણાં હોય તે ત્યાર પછીના મહિનામાં ગ્રાહક દ્વારા જેમ અને જ્યારે જમા / ચૂકતે કરાય ત્યારે બાકી ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ) સાથે ચૂકવવાપાત્ર રહેશે.

(e) ‘‘દંડનીય શુલ્ક’’ ચૂકવવાપાત્ર મુખ્ય વ્યાજ સાથે ચક્રવૃદ્ધિ નહીં કરાશે અને ગ્રાહક દ્વારા જેમ અને જ્યારે જમા / ચૂકતે કરાય ત્યારે ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ) સાથે અલગથી વસૂલ કરાશે.

(f) ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ)ની ચુકવણીમાં કસૂર અને વિલંબ તથા એસએમએસ, મેઈલરો, વ્હોટ્સએપ અથવા ટેલીકોલ થકી ગ્રાહકો દ્વારા લોન કરારના ભૌતિક નિયમો અને શરતોનું પાલન નહીં કરાય તે માટે ગ્રાહકને મોકલવામાં આવનારા સર્વ સંદેશવ્યવહારમાં ગ્રાહક દ્વારા બાકી ઈએમઆઈ / પીઈએમઆઈ (ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ / પ્રી- ઈક્વેટેડ મંથલી ઈન્ટરેસ્ટ)ની ચુકવણી કરાઈ નથી અને ગ્રાહકો દ્વારા લોન કરારના ભૌતિક નિયમો અને શરતોનું પાલન કરાયું નથી તે માટે ‘‘દંડનીય શુલ્ક’’ ચૂકવવાપાત્ર છે એવો સ્પષ્ટ ઉલ્લેખ કરાશે.

(g) ‘‘દંડનીય શુલ્ક’’ વિશે લોનની મંજૂરી સમયે અમારા ‘‘લોન કરાર’’ અને ‘‘ઓફર લેટર’’માં પણ જાણકારી અપાશે અને તે માટે ઓફરના ‘‘નિયમો અને શરતોનો સ્વીકાર’’ નોંધમાં રખાશે.

(h) લાગુ ‘‘દંડનીય શુલ્ક’’ વધુ પારદર્શકતા માટે અને કોઈ પણ ભાવિ વિખવાદ અથવા ફરિયાદ ટાળવા માટે પ્રક્રિયા ફી,

**જીઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ.**

દસ્તાવેજીકરણ શુલ્ક, સેરસાઈ શુલ્ક વગેરે જેવા અન્ય શુલ્ક સાથે લોન અરજી માટે લાગુ શુલ્ક હેઠળ કંપનીની વેબસાઈટમાં પ્રદર્શિત કરાશે અને સમાવિષ્ટ કરાશે.

**************************************************